ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧/૨૪–૨૫/564. તારીખ : 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ,**
પોલીસ સ્ટેશન સામે,
ગામ–કુંભણ, તા.મહુવા
જી. ભાવનગર.
**મો.નં. ૯૯૧૩૧ ૨૮૮૪૩.**

કેસ નં.૧૧/૨૪–૨૫

**વિષય : અમારી જગ્યા પરથી પસાર થતી ૧૧ કેવી લાઈનનો પોલ દુર કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૦૪/૨૦૨૪. અત્રેની કચેરીને મળ્યા તા.૨૨/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૪–૨૫/૩૬૯ તા.૨૩/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧/૨૪–૨૫/૪૩૬ તા.૧૩/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૫/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **મહુવા ગ્રામ્ય–૧.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૧/૨૪–૨૫** ☜

વાદી :– **શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૮/૦૫/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એન. કે. પટેલ, નાયબ ઈજનેર,ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ, મુ.કુંભણ, તા.મહુવા, જી.ભાવનગરની અમારી જગ્યા પરથી પસાર થતી ૧૧ કેવી લાઈનનો પોલ દુર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧/૨૪–૨૫/૩૬૯ તા.૨૩/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. <u>૨૮/૦૫/૨૦૨૪</u> ના રોજ ભાવનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન. કે. પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના કુંભણ ગામે પોલીસ સ્ટેશન સામે રહેણાંક ધરાવે છે.

૧.૨ અરજદારના રહેણાંકના પ્લોટમાં ખેતીવાડી વીજ કનેકશનની ઈલેવન લાઈન પસાર થયેલ છે, તેનો એક પોલ અરજદારના પ્લોટમાં લગાડેલ છે, તે તેઓને નડપર થાય છે. તેથી તેઓએ પીજીવીસીએલ કચેરી મહુવા રૂરલ–૧ માં તા.૦૫/૦૮/૨૦૨૩ ના રોજ અરજી લખી આપેલ. જવાબદાર અધિકારી હાજર હતા નહી. તા.૦૮/૦૮/૨૦૨૩ ના ૧૦૮૦ થી અરજી સ્વિકારેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ હાલ ૮ મહીના કરતા વધારે સમય થયેલ છે. અવાર નવાર અનેક વખત કચેરીમાં ગયેલ છતાં પોલ પ્લોટની બહાર લગાડવા કોઈને મોકલતા નથી. જવાબદાર અધિકારી હાજર હોતા નથી. સાહેબ ફીલ્ડમાં ગયેલ છે, આવા જવાબ આપી ગ્રાહકને કાઢી મુકે છે. ખાલી આશ્વાસન આપે છે, થઈ જશે.

૧.૪ તો અમારી ફરીયાદનો અભ્યાસ કરી કરાવી અમારા પ્લોટમાંથી એક પોલ કાઢી જાહેર રોડ ઉપર પોલ લગાડવા હુકમ કરવા બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા હુકમ કરવા વિનંતી છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ પીજીવીસીએલ મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવાભાઈ, ગામ–કુંભણ, ગ્રાહક નં.૩૭૦૦૭/૦૦૯૫૭/૩ ના આવેલ તેમના ખેતીવાડી વીજ કનેકશનની લાઈન તેમના માલિકીના પ્લોટમાંથી પસાર થયેલ તે જાહેર રોડ પર લગાવવા અંગેની અરજી કરેલ.

૨.૨ જેને અનુસંધાને જણાવવાનું કે, અરજદાર દવારા જે તે સમય દરમ્યાન લાઈન શીફટીંગ માટે અરજી કરેલ તે દરમ્યાન તેમની હાજરીમાં જાહેર રોડ પર લાઈન શિફટ કરવા માટે સર્વે કરવા તેમના ઘરની બાજુમાં તેમના જ પિતરાઈ ભાઈ જેમનું નામ રસિકભાઈ છે, તેમના દવારા વાંધો લીધેલ કે સદર લાઈન તેમના ઘર પાસે દરવાજાની નજીક નડતર રૂપ થાય તેમ છે, જેથી આપ અહીંથી લાઈન સર્વે કરશો નહી. જેની જાણ હાજર ગ્રાહકશ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવાભાઈને કરેલ. તે દરમ્યાન તેઓએ જણાવેલ કે હું તેમની મંજુરી લીધા બાદ આપને જાણ કરીશ પરંતુ તેઓ દવારા જાણ કરવામાં આવેલ ન હતી.

૨.૩ વધુમાં મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દવારા તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ ના અધિકારી દવારા સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, લાઈન શીફટીંગ ની બીજી સંભવિત લાઈનનું સર્વે કરેલ, જેમાં પણ ગ્રાહકશ્રીના પિતરાઈ ભાઈની જમીન આવેલ છે. તેમને મૌખિક પુછતા તેઓએ લાઈન ઉભી કરવા માટે સંમતી આપેલ છે. જેને અનુસંધાને ગ્રાહકશ્રીને લાઈન શીફટીંગ માટેનું મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી પરથી જાવક નં.૧૫૫૮ તા.૧૪/૦૫/૨૦૨૪ થી અંદાજપત્રક ફાળવેલ છે. સદર અંદાજપત્રના નાણા ભરપાઈ કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ, ગામ–કુંભણ ખાતે ગ્રા.નં.૩૭૦૦૭/૦૦૯૫૭/૩ થી ખેતીવાડી વીજ કનેકશન ધરાવે છે અને તેમની માલીકીના પ્લોટમાંથી ૧૧ કે.વી. વીજલાઈનનો પોલ પ્રતિવાદી પીજીવીસીએલ દવારા ન ફેરવી આપવામાં આવતાં, ફોરમને રજુઆ કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેમાં વાદી અને પ્રતિવાદી હાજર રહી, પોતાની રજુઆતો કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૩ વાદી, પ્રતિવાદીની લેખિત રજુઆતોને ધ્યાને લઈ ફોરમને જણાય છે કે, વાદી દવારા તા.૦૮/૦૮/૨૦૨૩ થી પોલ ફેરવી આપવાની અરજી અંગે પ્રતિવાદી પીજીવીસીએલ દવારા લાંબા સમય સુધી કોઈ કાર્યવાહી કરેલ નહી અને વાદીની ફોરમને રજુઆત કર્યા બાદ તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ વાદીને અંદાજપત્ર આપવામાં આવેલ છે, જે અક્ષમ્ય બેદરકારી દર્શાવે છે. આ અંગે પ્રતિવાદીએ પોલ અંગેની કામગીરી દરમ્યાન અન્ય દવારા વાંધો ઉઠાવવામાં આવેલ હોય, તેમ જણાવેલ છે પરંતુ વાદી દવારા તે બાબતનો ઈન્કાર કરવામાં આવે છે.

૩.૪ સુનાવણી દરમ્યાન સ્થળ મોજણી ની વિગત અને લાઈન શીફટીંગ માટે કરવાના થતા કામની વિગત અંગે અરજદારને સમજ આપવામાં આવી હતી. ચર્ચા વિચારણાના અંતે એવું નક્કી થયેલ કે હયાત લાઈન ને ફેરવવામાં AB કેબલની જગ્યા એ જો ૧૧ કેવી કંડકટર પ્રપોઝ કરે તો ભાવપત્રકની રકમમાં ઘટાડો થાય છે તો નવેસરથી સર્વે કરી ને તે મુજબ ભાવપત્રક આપવું.

અરજદાર દ્વારા લાઈન શિફ્ટ કરવા માટે તા. ૦૮.૦૮.૨૦૨૩ ના રોજ અરજી કરવામાં આવેલ હોવા છતાં ઘણા વિલંબ પછી તા. ૧૪.૦૫.૨૦૨૪ ના રોજ ભાવપત્રક આપવામાં આવેલ છે એ પીજીવીસીએલની ગંભીર બેદરકારી જણાય છે.

નવીન ભાવપત્રક દિવસ સાતમાં આપીને ભરપાઈ થયેથી આગળની કાર્યવાહી હાથ ધરવી. તેમજ આ માટે હુકમના [illegible] ધ્યાનમાં લઈને સ્થળ મોજણી કરવી

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**( પી.જે. મહેતા )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૮/૦૫/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar